દિવ્ય ભાસ્કર અમદાવાદ ફ્રન્ટ પેજ, તા. ૧૧.૧૦.૨૦૨૩

# ચીમનભાઈ બ્રિજ પાસે 6 મહિનામાં મેટ્રો સ્ટેશન બની જશે, સુભાષ બ્રિજ જવા માટે રાણીપ સ્ટેશન સુધી નહીં જવું પડે



અમદાવાદ મેટ્રોનો ઉત્તર- દક્ષિણ જે વાસણા એપીએમસીથી મોટેરા સ્ટેડિયમના સુધીના કોરિડોરને જોડે છે. આ કોરિડોર વચ્ચે કુલ 32 પૈકી 29 સ્ટેશનો કાર્યરત છે. જ્યારે ત્રણ સ્ટેશનનોનું નિર્માણનું કાર્ય બાકી છે જે પૈકી એક સ્ટેશન સાબરમતી મેટ્રો સ્ટેશનનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. રાણીપથી લઈ પાવર હાઉસ સુધી એક પણ સ્ટેશન નથી. સાબરમતી મેટ્રો સ્ટેશનનું કામ શરૂ થતાં સુભાષ બ્રિજ આરટીઓની આસપાસ તેમજ ગાંધી આશ્રમ પાસે રહેતા તમામ સ્થાનિકોને મેટ્રોમાં જવું સરળ બનશે. આગામી 6 મહિનામાં નવું મેટ્રો સ્ટેશન શરૂ કરી દેવાશે.